જ.પ્ર. ગુપ્તા IAS
કમિશ્નર (આરોગ્ય) અને સચિવ (જાઆ & પક)

પત્ર ક્રમાંક : ૭૫૨૫૨

કમિશ્નર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ,
બ્લોક નં.૫,ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦
ફોન (ઓ) ૨૩૨૫૩૨૭૧(ફેક્ષ) ૨૩૨૫૬૪૩૦
E-mail : cohealth@gujarat.gov.in

તારીખ : 0 8 NOV 2016

પરિપત્રઃ

વિષયઃ જેનેરીક દવાઓ સસ્તાભાવે ઉપલબ્ધ કરવા તેમજ જેનેરીક દવા પ્રીસ્ક્રાઇબ / પ્રમોટ કરવાની નીતીના અમલીકરણ બાબત.

સંદર્ભઃ (૧) ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબીજીટી/૧૦/૨૦૧૩/ ન.બા./૧૮/(પાર્ટફાઇલ) ગાંધીનગરના તા.૦૧/૦૭/૨૦૧૩

(૨) ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબીજીટી/૧૦૨૦૧૩/ ન.બા./૧૮-ગ- ગાંધીનગરના તા.૨૪/૦૧/૨૦૧૪

(૩) ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃએમએસપી/૧૦૨૦૧૬/ ૪૩૯/ગ તા.૨૩/૦૮/૨૦૧૬

(૪) મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયાનું નોટીફીકેશન તા.૨૧/૦૯/૨૦૧૬

પ્રસ્તાવનાઃ

સારા સ્વાસ્થને માનવ જીવનના વિવિધ સુખોમાં સર્વોચ્ચ સ્થાન અપાયેલું છે. તેથી આરોગ્ય સેવાઓ મેળવવી એ માનવ અધિકારો પૈકીની એક બાબત ગણાય. સારા આરોગ્ય માટે જીવનરક્ષક દવાઓ અનિવાર્ય બની ગયેલ છે. ડાયાબીટીસ, બ્લડપ્રેશર, કેન્સર, ક્ષય, કીડની તથા હ્રદયરોગ જેવા અને અન્ય ઘણા રોગોમાં જીવન ટકાવી રાખવા માટે પણ દવાઓ ખોરાક જેટલી જ અનિવાર્ય છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO), વર્લ્ડ બેન્કના સર્વેક્ષણો મુજબ અસહ્ય મોંઘવારીમાં આરોગ્ય સારવાર દિન-પ્રતિદિન ખુબ મોંઘી થાય છે. જે સામાન્ય માણસને પરવડે તેમ ન હોવાથી આરોગ્ય સેવાઓથી વંચિત રહેવું પડે છે. High level Empowered Group (HLEG), પાર્લામેન્ટરી સ્ટેન્ડીંગ કમિટી ઓન હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર ૫૮રીપોર્ટ તથા High Level Expert Group (HLEG) On universal Health Coverage Instituted by Planning Commission of India ના રીપોર્ટ મુજબ આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બનાવવા માટે અસરકારક અને પરવડે તેવી કિંમતે ઉચ્ચ ગુણવત્તા ધરાવતી જેનેરીક દવાઓ ઉપલબ્ધ કરાવવા તથા સ્ટાન્ડર્ડ ટ્રીટમેન્ટ ગાઇડલાઇન મુજબની દવાઓ તબીબો દ્વારા જેનેરીક દવાઓના નામથી જ પ્રીસ્ક્રીપ્શન લખવાનું ફરજીયાત બનાવવા ભલામણ કરવામાં આવેલ છે.

જેનેરીક દવા અને તેનું મહત્વઃ

જેનેરીકદવાએડોઝ,પ્રકાર,સલામતી,ક્ષમતા,ગુણવત્તા,અસરકારકતાતથાલક્ષણનીદ્રષ્ટિએબ્રાન્ડેડદવાજેવીજદવાઓછે. જેનેરીક દવાઓની કવોલીટી બ્રાન્ડેડ દવાઓની કક્ષાની તથા ભાવમાં સસ્તી હોય છે. અને જુદા જુદા ઉત્પાદક એકજ દવા બનાવતા હોય સામાન્ય દર્દીઓને સસ્તા દરે દવાઓ મળી શકે. પ્રવર્તમાન સમયમાં બ્રાન્ડેડ દવાઓથી દવાઓના માર્કેટમાં બીનજરૂરી અને મોંઘી બ્રાન્ડેડ દવાઓ વધુ પ્રમાણમાં વપરાશમાં લેવામાં આવે છે. જે સામાન્ય માણસને પરવડી શકે તેમ ન હોવા છતાં દવાઓની ઉંચી કિંમત રાજ્યની જનતાને ચુકવવી પડે છે.

રાજ્યની સરકારી આરોગ્ય સંસ્થાઓમાં એસેન્સીયલ ડ્રગ લીસ્ટ તથા સ્ટાન્ડર્ડ ટ્રીટમેન્ટ ગાઇડલાઇન મુજબની વિના મુલ્યે આવશ્યક દવાઓ ઉપલબ્ધ કરવા અંગેની નિતીનો સુદ્રઢીકરણ કરવા તથા અન્ય જેનેરીક દવાઓ પણ સસ્તાભાવે ઉપલબ્ધ કરવા તેમજ જેનેરીક દવાઓ પ્રીસ્ક્રાઇબ / પ્રમોટ કરવા માટેની યોજના સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે. જે અંગે સંદર્ભ-૧ અને ૨ ના ઠરાવથી આપસૌને અમલ કરવા અગાઉ પણ સુચનાઓ આપવામાં આવેલ છે.

ગુજરાત રાજયમાં તમામ લોકોને ઉચ્ચ ગુણવત્તાયુકત જેનેરીક દવાઓ વાજબી ભાવે ઉપલબ્ધ થાય તેવા હેતુંથી રાજયસરકાર દ્વારા જેનેરીક દવાઓના સ્ટોર ખોલવાની યોજનાને રાજયમાં વ્યાપકપણે અમલી મુકવાનું તા.૨૩/૦૮/૨૦૧૬ ના ઠરાવથી નકકી કરેલ છે. જેનેરીક દવાઓના વ્યાપ વધારવા તથા સામાન્ય માણસને કીફાયત ભાવે ગુણવત્તાયુકત દવાઓ મળી શકે તેવા આશયથી સરકારશ્રી હસ્તકની આરોગ્ય સંસ્થાઓના કંપાઉન્ડમાં અથવા નજીકના આજુબાજુના વિસ્તારમાં ટુંક સમયમાં જેનેરીક ડ્રગ સ્ટોર ખોલવામાં આવનાર છે. હાલના તબકકે રાજય સરકાર હસ્તકની આરોગ્ય સંસ્થાઓમાં આશરે ૫૦ જેટલા જેનેરીક ડ્રગ સ્ટોર શરૂ કરવામાં આવનાર છે. તબકકાવાર કુલ ૫૦૦ જેટલા જેનેરીક ડ્રગ સ્ટોર ખોલવા અંગે આયોજન કરવામાં આવેલ છે. જેથી રાજયના તમામ વિસ્તારોના દર્દીઓને જેનેરીક દવાઓ ઉપલબ્ધ કરી શકાય. જેનેરીક ડ્રગ સ્ટોરના ઉપલબ્ધ થનાર દવાઓનું ડ્રગ એન્ડ કોસ્મેટીક એકટ હેઠળ કવોલીટી અંગેની સઘન ચકાસણી અને નિયંત્રણ રાખવામાં આવનાર છે. જેથી ગુણવત્તા બાબતે સમાધાન ના થાય.

વધુમાં મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા (MCI)ના તા.૨૧/૦૯/૨૦૧૬ ના નોટીફીકેશનથી જેનેરીક દવા પ્રીસ્કાઇબ કરવા અંગે નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

**In Chapter 1-B Duties and responsibilities of the Physician in general, Clause – 1.5 under the heading – Use of Generic names of drugs, the following shall be substituted:-**

**"Every physician should prescribe drugs with generic names legibly and preferably in capital letters and he/she shall ensure that there is a rational prescription and use of drugs".**

ઉપરોકત તમામ વિગતો તથા ગુજરાત સરકારશ્રીના વખતોવખતના ઠરાવથી જેનેરીક દવાઓના ઉપયોગ તથા તેના વ્યાપ વધારવા નિયત કરાયેલ ધારાધોરણો મુજબ ગુજરાત રાજય સરકાર હસ્તકની આરોગ્ય સંસ્થાઓમાં ફરજો બજાવતા તબીબો દ્વારા ખાસ કિસ્સા સિવાય અનિવાર્યપણે ફરજીયાત જેનેરીક દવાનું પ્રીસ્કીપ્શન (Salt/Pharmacopia/Generic/ ) ઉપલબ્ધ આવશ્યક દવાઓની યાદી મુજબ રેશનલ ડ્રગ થેરાપી મુજબ કરવાનું રહેશે.

જેનેરીક દવાઓના ઉપયોગ અને ઉપલબ્ધતા અંગે તથા રાજયની જનતાને આરોગ્યલક્ષી સેવાઓ અંગે આર્થિક બોજો ન પડે તે ધ્યાને રાખી અગાઉ બહાર પાડવામાં આવેલ ઠરાવો મુજબની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા સંબંધિતોને આથી પુનઃ જણાવવામાં આવે છે.

કમિશ્નર
આરોગ્ય અને તબીબી સેવાઓ,
ગાંધીનગર.

પ્રતિ,

(૧) અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન. બ્લોક નં.૫, ડો.જીવરાજ મહેતાભવન, ગાંધીનગર.
(૨) અધિક નિયામકશ્રી, આરોગ્ય.બ્લોક નં.૫, ડો.જીવરાજ મહેતાભવન, ગાંધીનગર.
(૩) અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ, બ્લોક નં.૫, ડો.જીવરાજ મહેતાભવન, ગાંધીનગર.
(૪) ચીફ એકઝીકયુટીવ ઓફિસર, જી.એમ.ઇ.આર.એસ. સોસાયટી, ગાંધીનગર તથા તમામ જી.એમ.ઇ.આર.એસ. હોસ્પીટલ.
(૫) મેડીકલ સુપ્રીટેન્ડેન્ટ, મેડીકલ કોલેજ, તમામ.
(૬) વિભાગીય નાયબ નિયામકશ્રી, તમામ.
(૭) ચીફ ડીસ્ટ્રીકટ મેડીકલ ઓફિસર કમ સીવીલ સર્જનશ્રી, તમામ.
(૮) મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, તમામ.
(૯) અધિક્ષકશ્રી, સામુહિક આરોગ્ય કેન્દ્ર, તમામ.
(૧૦) મેડીકલ ઓફિસરશ્રી, પ્રા.આ.કેન્દ્રો, તમામ.
(૧૧) ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પીટલ, તમામ તરફ જાણ તથા ઉપરોકત સુચનાઓનો ચુસ્ત અમલ કરવા સારૂ.
(૧૨) મેનેજરશ્રી, (એમ.આઇ.એસ.,) ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લી. ને વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.